RAJKOT CHAMBER OF
COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા એરપોર્ટ ફાટકનું કામ રાત્રીના ૧૨ થી સવારના ૬ વાગ્યા સુધી કરવા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજર સમક્ષ રજુઆત કરવામાં આવી...

હાલ રેલ્વે ડિપાર્ટમેન્ટ દ્વારા એરપોર્ટ ફાટક મેન્ટેન્સ માટે ૭ દિવસ આંશીક રીતે બંધ રાખી રબ્બર સરફેસીંગ ટેકનોલોજી ફિટીંગનું કામ કરવામાં આવી રહી છે. પરંતુ આના કારણે દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં ટ્રાફિક જામ થવાની સમસ્યા રહે છે અને રાહદારીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. તેમજ આજુ બાજુના વિસ્તારના રહેવાસીઓને પણ ઘણી તકલીફ પડી રહી છે. વધુમાં સાંઢીયા પુલનું કામ ચાલું હોવાથી તેનો તમામ ટ્રાફિક એરપોર્ટ રોડ પાસે ડાઈવર્ટ થઈ રહયો છે અને અકસ્માતો થવાનો પણ ભય રહે છે.

આથી આ એરપોર્ટ ફાટકનું મેનટેન્સનું કામ રાત્રીના ૧૨ થી સવારના ૬ વાગ્યા સુધી કરવું અને દિવસ દરમ્યાન ખુલ્લું રાખવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ. જેથી કરીને રાહદારીઓને મુશ્કેલીઓ ભોગવવી ન પડે. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.